# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રાત્રે કાતિલ ઠંડીના સૂસવાટા

## દિવસે ગરમીથી માંદગીનું પ્રમાણ વધ્યું : ૨૪ કલાકમાં ડબલ ઋતુનો અનુભવ કરતી પ્રજા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૮

કુદરત કાળા માથાના માનવી ઉપર રીસાઈ હોય તેવા સંકેતો ગણા લાંબા સમયથી જોવા મળી રહ્યા છે. છતાં કુદરતના રીસામણાને બહુ હોંશિયાર સમજતા માનવીએ નજર અંદાજ કરતાં તેની સીધી અસરો ખેતી, પ્રકૃતિ અને માનવ શરીર રચના ઉપર સ્પષ્ટ જોવા મળી રહી છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રાત્રે ઠંડીના કાતિલ સૂસવાટા અને દિવસે ગરમીના મિશ્ર અનુભવને લઈને જિલ્લામાં માંદગીનું પ્રમાણ વધી ગયું છે. રાત્રે જે રીતે કાતિલ ઠંડીના સૂસવાટા પ્રજાના હાડમાંસને થીજવી નાખે છે તે જોતાં દિવસે ગરમી અનુભવાય તે પ્રજા માનવા તૈયાર નથી. ભરશિયાળે દિવસે અનુભવાતી ગરમીને લઈને આકરો ઉનાળો કેવો હશે તે બાબતે પ્રજા અત્યારથી જ ચિંતિત હોવાનું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

સમગ્ર વિશ્વમાં મોસમ ઝડપથી કરવટ બદલી રહી છે. જે રીતે ઋતુચક્ર અસ્પષ્ટ બની ગયું છે તે રીતે ભારત સરકારે પણ હવે દેશમાં નવું શિયાળુ, ઉનાળુ, ચોમાસુ સમય પત્રક તૈયાર કરવું જોઈએ તેમ માની હવામાન વિભાગને નવા સમયપત્રક બાબતે તાકીદ કર્યાનું જાણવા મળ્યું છે. ગુજરાતમાં છેલ્લા ૩ મહિના ઉપર નજર કરવામાં આવે તો પ્રજા અને શાળામાં ભણતા બાળકોએ પણ ૯૦ દિવસમાં શિયાળો, ઉનાળો અને ચોમાસાની અનુભૂતિ કરી લીધી છે. જે રીતે મોસમમાં બદલાવ આવ્યો છે અને તેની સીધી અસર કેટલીક વનસ્પતિ ઉપર પણ જોવા મળી છે. ભરશિયાળે આંબા ઉપર મૉર આવવા તથા અન્ય ફળ અને પાક તેની નિર્ધારીત સીઝન કરતાં વહેલા જોવા મળવા તે વગેરે બાબત કાળા માથાના માનવી માટે એક વિસ્મય બની રહી છે. જિલ્લામાં બદલાયેલા હવામાનથી ખેડૂતોને મોટો આર્થિક ફટકો પહોંચ્યો છે. જિલ્લામાં જે રીતે કાતિલ ઠંડીના સૂસવાટા ફરી વળ્યા હતા તેથી પ્રજા રાત્રે શીતગારમાં થરથર કાંપતી હતી પરંતુ સવાર થતાં જ સામાન્ય ગરમીનો અહેસાસ થવા લાગતાં લગ્ન મંડપોમાં પણ હવે પંખા લગાવવા પડે તેવી સ્થિતિ જોવા મળી હતી. જો કે જે રીતે કાતિલ ઠંડી અને દિવસે ગરમીનું આક્રમણ જોવા મળતાં માનવ શરીર રચના બહેરૂપીયા મોસમથી પરેશાન બની રહી છે અને અનેક લોકો વાયરલ ફીવરની ઝપેટમાં જકળાઈ ગયાનું દર્દીઓની વધતી સંખ્યા ઉપરથી જોવા મળી રહ્યું છે. આગામી દિવસોમાં ઉનાળાનો આક્રમક પ્રારંભ હશે તેવું જરૂર કહી શકાય.

# અલવા નજીકનો સૂચિત ડમ્પિંગ પ્લાન્ટ વિવાદમાં

## પૂર્વ ધારાસભ્ય, ગુજરાત લોક સમિતિના સભ્યની ઉપસ્થિતિમાં વાત્રક મહાદેવ મંદિરના સાનિધ્યમાં ઝેરી કેમીકલ ડમ્પિંગ સાઈટ આવતી અટકાવવા મનોમંથન : તા.૨૮મીએ યોજાનારી લોક સુનાવણીમાં ધાંધલ ધમાલની દહેશત

બાયડ, તા. ૧૮

બાયડ તાલુકાની અલવા ગ્રામ પંચાયતના સીમાડામાં ઝેરી કેમીકલ ડમ્પિંગ સાઈટ શરુ કરવા મુદ્દે આસપાસના ૧૬થી વધુ ગામોના લોકોનો વિરોધ વધુ ઉગ્ર થઈ રહ્યો છે ત્યારે ૨ગ પારખું પૂર્વ ધારાસભ્યએ વાત્રકના ધારેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં ઝેરી કેમીકલ ડમ્પિંગ સાઈટ આવતી અટકાવવા અને તેનાથી શું નુક્સાન થશે તે અંગે ખેડૂતોને જાણકારી આપવાનો પ્રયાસ કર્યો હતો જેમાં ગુજરાત લોક સમિતિના સભ્ય સહિત કેટલાક સરપંચો અને સંભવિત અસરગ્રસ્ત ગામોના લોકો પણ ઉપસ્થિત રહ્યાનું જાણવા મળ્યું છે.





બાયડ તાલુકામાં નેતાગીરીને ઉધઈ કાતરી ખાઈ ગઈ હોય તે રીતે ઝેરી કેમીકલ પ્લાન્ટ સહિત પ્રદૂષણ ફેલાવતા એકમો બેરોક્ટોક શરુ થઈ રહ્યા છે. આજથી ૪ વર્ષ અગાઉ બાયડ તાલુકાના સીમાડાના સેમલીયા ગામમાં ઝેરી ડમ્પિંગ સાઈટ ઉભી કરવા મુદ્દે લોક આંદોલન શરુ થતાં લોક સુનાવણી માટે આવેલા અધિકારીઓને ઉભી પૂંછડીયે ભાગવાની નોબત આવી હતી. ત્યારબાદ ઘણા વર્ષો પછી હવે બાયડ તાલુકાનાં અલવા ગામના સીમાડામાં નરોડા સ્થિત કંપની દ્વારા ઝેરી કચરો ઠાલવવા માટેનો પ્લાન્ટ સ્થાપવાની હલચલ શરુ થઈ ત્યારથી વિરોધ ચાલતો હોવા છતાં વહીવટી તંત્ર અને સ્થાનિક નેતાગીરી પણ જે તે સમયે ઉંઘતી રહી. માત્ર સ્થાનિક ગ્રામ પંચાયત અને ખેડૂતોએ વિરોધ કર્યો પરંતુ તે બેઅસર સાબિત થયો હતો. પરંતુ હવે આ મુદ્દે લોક ચળવળ વધુ આક્રમક બની છે.

પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ પોષી પુનમે ધારેશ્વર મહાદેવમાં કેટલાક સરપંચ આગેવાનો અને આસપાસના ગામના આગેવાનો સાથે ડમ્પિંગ સાઈટ ઉભી થાય તો વાત્રક નદી કેવી રીતે પ્રદૂષિત થાય, જમીનોને શું નુક્સાન થાય તે અંગે એક શિક્ષક સમજાવે તે રીતે તેના ભવિષ્યના ખરાબ પરિણામોથી ખેડૂતોને જાણકારી આપી હતી. પ્લાન્ટ સ્થપાય તે અગાઉ જ તેને ઉખેડી ફેંક્વો જોઈએ તેવા નિર્ણય સાથે તા.૨૮ જાન્યુઆરીએ યોજાનારી લોક સુનાવણીમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી સ્થળ ઉપર વિરોધ કરી શકે છે ત્યારે પૂર્વ ધારાસભ્યએ યોજેલી વિરોધ માટેની મીટીંગમાં ગાંધી આશ્રમ, ગુજરાત લોક સમિતિના સભ્ય નિતાબેનની હાજરી પણ સૂચક માનવામાં આવે છે.

### ગુજરાત પ્રદૂષણ બોર્ડ સૌથી વધુ ભ્રષ્ટાચાર...

જિલ્લામાં પ્રદૂષણ ઓકતા એકમોએ દાટ વાળી દીધો છે અને હજુ પણ બાકી હોય તેમ ઝેરી કેમિક્લ ડમ્પિંગ સાઈટ માટે પણ મંજૂરી આપવાનો તખ્તો તૈયાર થઈ ગયો છે. ત્યારે રાજ્ય સરકારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કાર્યરત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓની ભૂંડી ભૂમિકાની તપાસ કરવી જોઈએ.

# તળાવ ઉંડા કરવામાં કૌભાંડ : જિલ્લામાં પગ તળે રેલો આવે છે તેવા અધિકારીઓ દોડતા થયા

## બગાવત કરનાર ઈજનેરને મનાવવાના પ્રયાસ શરૂ

હિંમતનગર, તા.૧૮

જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરીમાં અનહદ ભ્રષ્ટ્રાચાર આદર્યાની ફરીયાદ પછી વિભાગના એક ઈજનેર વિભીષણ બની જતાં ભ્રષ્ટ્ અધિકારીઓની ઉંઘ હરામ થઈ ગઈ છે. તળાવ ઉંડા કરવાની કામગીરીમાં પોલ ખૂલી જવાની બીકથી અનેક અધિકારીઓ દોડતા થયા છે. બગાવત કરનાર ઈજનેરને મનાવવાના પ્રયાસ શરૂ થયાનું અંતરંગ સુત્રોમાંથી જાણવા મળ્યું છે. જ્યારે તળાવ ઉંડા કરવાના સ્ટેટ અને જિલ્લા પંચાયતની મિલીભગતમાં પણ કેટલાંક ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે.

તળાવો ઉંડા કરવા અને કોન્ટ્રાક્ટરો પાસેથી મલાઈ તારવી લેવી તે ભ્રષ્ટ અધિકારીઓનો શિષ્ટાચાર બની ગયો છે. પરંતુ આશ્ચર્ય વચ્ચે વર્ષોથી આચરાતા ભ્રષ્ટ્રાચાર છતાં આજદિન સુધી જે પણ તપાસ થઈ તે માત્ર દેખાડા રૂપ સાબિત થઈ છે. તળાવો ઉંડા કરવામાં સ્ટેટ અને સિંચાઈ વિભાગના પંકાયેલા અનેક અધિકારીઓએ મહારથ હાંસલ કરી ગાંધીનગર સુધીના અધિકારીઓને ખુશ રાખી પોતાના હિત સંતોષી લીધાનો ઘટસ્ફોટ થઈ રહ્યો છે. દર વર્ષે તળાવો ઉંડા કરવા પાછળ સરકાર કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવે છે તો પછી ચોમાસા દરમ્યાન તળાવ ભરાયા પછી દર વર્ષની જેમ શિયાળાના મધ્યભાગમાં તળાવો કેમ ખાલી થઈ જાય છે ? આ બાબત ઉપર અભ્યાસ કરવામાં આવે તો અનેક ચોંકાવનારા ખુલાસા થવાની પૂરેપૂરી સંભાવના છે. સિંચાઈ વિભાગમાં જે રીતે મિલીભગત ચાલી રહી છે તે જોતાં રાજ્યમાં સત્તા ઉપર આવતી તમામ સરકારોને આંખમાં ધૂળ નાખવા જેવી કામગીરી નિઃશંકપણે થતું હોય તેવું જણાઈ રહ્યું છે. જ્યારે બગાવત કરનાર ઈજનેરે જે રીતે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો છે તે જોતાં ક્યાંક ભાગ બટાઈમાં પ્રોમીશ મળ્યા પછી જાદુગર અધિકારીઓએ હાથ ઉંચા કરી લીધા હોય તો પણ પર્દાફાશ કર્યો હોય તેવું ગણિત મંડાઈ રહ્યું છે. પરંતુ આવનારા દિવસોમાં સિંચાઈ વિભાગના તળાવ ઉંડા કરવાના કૌભાંડની ન્યાયિક તપાસ થશે તો અનેક અધિકારીઓ અને તેમના મળતીયા કોન્ટ્રાક્ટરોને સાબરમતી મધ્યસ્થ જેલ કે જિલ્લાની સબજેલમાં ધકેલાય તેવી પૂરેપૂરી સંભાવના છે.

### મને ઈજનેરો-મળતીયાઓ ધમકી આપે છે


હિંમતનગર, તા.૧૮

જિલ્લામાં તળાવો ઉંડા કરવામાં અનહદ કૌભાંડ આચરાયું છે તેવી ઉચ્ચ કક્ષાએ ફરીયાદ એક જાણભેદુ ઈજનેરે કર્યા પછી કૌભાંડિયા અધિકારીઓમાં હડકંપ મચી ગયો છે. જ્યારે સિંચાઈ વિભાગમાં તળાવ ઉંડા કરવામાં જે ગોબાચારી કરવામાં આવી છે તેનો સનસની ખેજ દાવો કરનાર ઈજનેરે જણાવ્યું કે મને ભ્રષ્ટ ઈજનેરોના મળતીયા કોન્ટ્રાક્ટરો ધમકી આપી રહ્યા છે અને આ બાબતે આગળ ન વધવા સવારથી જ દબાણ શરૂ થયું છે.પરંતુ ગ્રાન્ટોમાં થયેલી મોટાપાયે ગોબાચારીને હું ખુલ્લા પાડીને જ જંપીશ તેમ જણાવ્યું હતું.

# મા-અંબાના ભક્ત પરિવારે પ્રાગટ્ય દિને ઘરે કેક કાપી ઉજવણી કરી

## જિલ્લામાં પોષી પુનમે પ્રસિદ્ધ મંદિરો દર્શન માટે બંધ રહેતાં ભક્તો અકળાયા : રાજકીય મેળાવડાથી કોરોના વકર્યો અને સજા ભોગવવાની ભક્તોને





બાયડ, તા. ૧૮

રાજકીય મેળાવડા અને લગ્નોમાં ઉમટેલી ભીડથી કોરોના વકર્યો. જિલ્લામાં કોરોનાના કેસ વધતાં સોમવારે પોષી પુનમે શામળાજી, દિપેશ્વરી ધામ અને ખેડબ્રહ્મા અંબાજી મંદિર સહિતના અનેક દેવમંદિરો બંધ રહેતાં ભક્તો અકળાયા હતા. બાયડમાં મા અંબાના ભક્ત પરિવારે પ્રાગટ્ય દિન નિમિત્તે પોતાના ઘરે કેક કાપી શ્રદ્ધા વ્યક્ત કરી હતી. કેટલાક ભક્તો દેવમંદિરો બંધ હોવા છતાં મંદિરની બહાર માથું ટેક્વીને પોતાની વર્ષો જૂની માનતાને આગળ ધપાવ્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોનાના કેસ વધી રહ્યા છે. લગ્ન સહિત શુભ અવસરોમાં પણ કોરોનાની નવી ગાઈડલાઈન પ્રમાણે ૧૫૦ લોકોની મર્યાદા નક્કી કરવામાં આવી છે. સરકાર ગમે તેટલા અંકુશ લાવે પરંતુ કોરોનાનું સંક્રમણ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મોટાપાયે પ્રસરતાં હવે અનેક તાલુકાઓમાં કોરોના બોમ્બ વિસ્ફોટ જેવી સ્થિતિ છે. ત્યારે પોષી પુનમ હોવાથી દેવમંદિરોમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટશે અને સંક્રમણ વધુ બેકાબુ બનશે તેવી દહેશતથી શામળાજી વિષ્ણુ મંદિર, ખેડબ્રહ્મા અંબાજી મંદિર, બાયડનું દિપેશ્વરી ધામ સહિતના અનેક ખ્યાતિ પ્રાપ્ત દેવમંદિરો દર્શન માટે બંધ કરાયા હતા પરંતુ તેમ છતાં અનેક ભક્તો મંદિરની આગળ દરવાજા બંધ હોવા છતાં માથું ટેક્વી શ્રદ્ધાને બરકરાર રાખ્યાનું જાણવા મળ્યું છે. પોષી પુનમ એટલે માં અંબાનો પ્રાગટ્ય દિવસ ગણાય છે. બાયડના શંકરલાલ લલ્લુદાસ ભાટીયા પરિવાર દ્વારા માં અંબાના પ્રાગટ્ય દિવસ નિમિતે દેવમંદિરો દર્શન માટે બંધ હોવાના કારણે પોતાના ઘરે કેક કાપીને મા ના પ્રાગટ્ય દિનની ઉજવણી કર્યાનું પણ જાણવા મળ્યું છે.

### મંદિરો બંધ - વેપારીઓને મોટું આર્થિક નુક્સાન...

કોરોનાના કારણે સોમવારે પોષી પુનમે મોટા દેવમંદિરો દર્શનાર્થીઓ માટે બંધ કરાયા હતા જેના કારણે મંદિર આસપાસ સ્ટોલ ઉભા કરી રોજગારી મેળવતા વેપારીઓને મોટું આર્થિક નુક્સાન થયાનું જાણવા મળ્યું છે. જ્યારે પગપાળા દર્શને આવતા અનેક પદયાત્રીઓ મંદિર બંધ હોવાના કારણે પદયાત્રા મુલત્વી રાખ્યાનું પણ જાણવા મળ્યું છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં ધુમાડો ઓકતાં ૨ લાખ વાહનોથી પર્યાવરણ પ્રદૂષિત

## PUCનો કાયદો હવામાં ઓગળ્યો



બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૮

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં દિવસ-રાત પર્યાવરણમાં પ્રદૂષણ ઠાલવતા ૨ લાખથી પણ વધુ વાહનોની લાંબા સમયથી પી.યુ.સી. ચેક કરાતી ન હોવાથી જિલ્લા અને તેની પ્રજાનું આરોગ્ય કથળે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. ખુદ રાજ્યના એસ.ટી. નિગમની બસો જ સૌથી વધુ પ્રદૂષણ આંકતી હોવાનું બહાર આવ્યું છે. ફીજીકલ ફીટનેશ વગર દોડતાં વાહનો જે માર્ગો ઉપરથી પસાર થાય છે તે માર્ગો ઉપર ધુમાડાના ગોટેગોટાથી અન્ય વાહન ચાલકો પણ અમુંઝણ અનુભવી રહ્યા છે. જ્યારે વાહનમાં બેસી મુસાફરી કરતા અસ્થમાના દર્દીઓની હાલત વધુ પડતા પોલ્યુશનથી દયનીય બની રહેતી હોય તેવું જોવા મળેલ છે.

જિલ્લામાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નીતિ નિયમોનું પાલન કરવામાં કેટલાક ઉદ્યોગ ગૃહોને અડચણ થતી હોય તેમ ભાગ્યે જ તેના નીતિ નિયમોનું પાલન કરવામાં આવતું હોય છે. જિલ્લામાં અનેક ઉદ્યોગ ગૃહો સામે પ્રદૂષણની ફરિયાદો ઉઠવા પામી છે તેમ છતાં ખુદ પ્રદૂષણ બોર્ડની કામગીરી સામે લાંબા સમયથી આંગળીઓ ચિંધાઈ રહી છે. જિલ્લામાં ઔદ્યોગિક ગૃહોના પ્રદૂષણ પછી વાહનોનું પ્રદૂષણ અનેક ગણું વધ્યું છે.

જિલ્લામાં ઈંધણના ભાવમાં વધારો થયા પછી અનેક ફોર વ્હીલર અને થ્રી-વ્હીલર વાહનો ડીઝલ અને કેરોસીનના મિશ્રણથી દોડવા લાગ્યાં છે અને આવાં વાહનોના ધુમાડાથી પર્યાવરણને માઠું નુક્સાન પહોંચી રહ્યું છે. જિલ્લામાં અગાઉ ધુમાડા આંકતાં વાહનો સામે પગલાં ભરવા માટે પી.યુ.સી. ફરજીયાત બનાવાયું હતું પરંતુ ખુબ જ ટૂંકા સમયમાં પોલ્યુશન અંડર કંટ્રોલનો કાયદો અંડરગ્રાઉન્ડ થઈ જતાં પર્યાવરણ પ્રદૂષિત થઈ રહ્યું છે. જિલ્લામાં મોટા ભાગના શહેરી તથા હાઈવે માર્ગો ઉપર ધુમાડા આંકતાં વાહનો વધુ માત્રામાં ધુમાડો આંકતાં હોવાથી રાહદારીઓ તથા અન્ય વાહન ચાલકો પણ અમૂંઝણની સ્થિતિમાં આવી જતા હોય છે. જિલ્લામાં ખાસ કરીને શિયાળા દરમ્યાન ધુમાડાના ગોટેગોટા આંકતા વાહનો તેમજ ઠેર ઠેર તાપણાંમાં નકામાં ટાયર અને પ્લાસ્ટીક બાળવામાં આવતાં ઠંડીની મોસમમાં પર્યાવરણ વધુ પ્રદૂષિત થતું હોવાનું જાણવા મળ્યું છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં નવા ચૂંટાયેલા સરપંચો મૂંઝવણમાં

## વહીવટ કરવો છે પણ પંચાયતોમાં નાણાં ન હોવાથી મુશ્કેલી

બાયડ(બ્યુરો ઓફિસ), તા.૧૮

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓ સંપન્ન થયા પછી નવા ચૂંટાયેલા સરપંચોએ ઉત્સાહપૂર્વક પંચાયતનો વહીવટ સંભાળે છે ત્યારે જિલ્લાની કેટલીક ગ્રામ પંચાયતોમાં સરપંચ તથા તલાટી અને વોર્ડ સભ્યોએ ભેગા મળી પંચાયતનું બેલેન્સ જીરો કરી દેતાં નવા ચૂંટાયેલા સરપંચો મૂંઝવણમાં મૂકાયા છે. જિલ્લાની અનેક ગ્રામ પંચાયતોમાં સરપંચોએ વિકાસ કરવો છે પરંતુ પંચાયતોમાં નાણાંનો અભાવ હોવાથી અનેક ગામોમાં વિકાસના કામો વિલંબમાં પડે તેવું દેખાઈ રહ્યું છે.

જિલ્લામાં ગામના વિકાસમાં પંચાયતનું મહત્વનું યોગદાન રહેતું હોય છે. ગ્રામ્ય પ્રજાને વીજળી, રસ્તા અને પાણીની પ્રાથમિક સુવિધાઓ આપવાની ફરજ પંચાયતોની રહેતી હોવાથી ઉપરોક્ત તમામ સુવિધાઓ માટે પંચાયતો રહીશો પાસેથી વીજળી વેરો, સાફ સફાઈ વેરો તથા દીવાબત્તી વેરો પણ વસુલવામાં આવતો હોય છે. જિલ્લામાં ગ્રામ પંચાયતોના સારા વહીવટથી અનેક ગામોની કાયાપલટ થઈ ગઈ છે ત્યારે તાજેતરમાં યોજાયેલી ગ્રામ પંચાયતોની ચૂંટણી પછી જીતેલા ઉત્સાહી સરપંચો માટે ગામનો વહીવટ કરવો પણ મુશ્કેલ બની રહેશે તેવું પંચાયતોની હાલત ઉપરથી લાગી રહ્યું છે.

જિલ્લાની અનેક ગ્રામ પંચાયતોએ વર્ષોથી સ્ટ્રીટ લાઈટનું લાઈટબીલ જ ભર્યા ન હોવાથી નવા સરપંચો માટે ગામમાં ઉજાસ કરવો પણ મુશ્કેલ બની રહ્યો છે અને લાઈટ બીલનાં મોટાં નાણાં કઈ રીતે ભરવાં તે સવાલ સરપંચોને કોરી ખાઈ રહ્યો છે. જિલ્લામાં વેરા વસુલીમાં પણ પંચાયતોના સત્તાધીશો તથા તલાટી કમ મંત્રીઓએ નિરૂત્સાહ દાખવ્યો હોવાથી પંચાયતોમાં હજારોનો વેરો બાકી બોલી રહ્યો છે અને કેટલીક પંચાયતોમાં તો બેલેન્સ જ જીરો હોવાથી નવા ચૂંટાયેલા સરપંચ તથા વોર્ડ સભ્યોએ ગામનો વિકાસ કરવો તો છે પરંતુ જરૂરી ભંડોળ પંચાયત પાસે ન હોવાથી મુશ્કેલી અનુભવી રહ્યા છે. તો કેટલાક વહીવટના જાણકાર સરપંચોએ તો ગામમાં વિકાસના કામો ખેંચી લાવવા માટે અત્યારથી જ તાલુકા અને જિલ્લા પંચાયતની દોડધામ શરૂ કર્યાનું જાણવા મળેલ છે.

# સાબરકાંઠામાં કોરોનાની ગતિ ધીમી પડી : નવા ૧૯ કેસ : રીકવરી રેટથી રાહત

બાયડ, તા. ૧૮

સાબરકાંઠામાં સોમવારે કોરોનાના નવા ૧૯ ક્સ નોંધાયા છે. અગાઉના દિવસોની સરખામણીમાં કોરીનાની ગતિ ધીમી પડવાની સાથે રીકવરી રેટથી આરોગ્યતંત્રએ રાહત અનુભવી છે. જિલ્લાના હિંમતનગર, ઈડર, તલોદ, વડાલી, વિજયનગર અને ખેડબ્રહ્મા તાલુકામાં પોઝિટિવ કેસ નોંધાયા છે. જિલ્લામાં ૨૨૩ એક્ટિવ ક્સ હોવાનું આરોગ્ય વિભાગ જણાવી રહ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં કોરોનાની ગતિ હવે ધીમી પડતી હોય તેવું આંકડા પરથી દેખાઈ રહ્યું છે. દરરોજ સમી સાંજે આરોગ્ય વિભાગ દ્વારા આર.ટી.પી.સી.આર. રિપોર્ટ આધારે પોઝિટિવ દર્દીઓની સંખ્યા જાહેર કરે છે. પરંતુ ખાનગી તબીબોનું માનવું છે કે જિલ્લામાં હજુ પણ અનેક લોકો કોરોનાથી સંક્રમિત છે જેથી ટેસ્ટીંગનું પ્રમાણ વધારવામાં આવ્યા પછી હર્ડ ઈમ્યુનિટી ડેવલોપ થશે અને ત્યારબાદ જ કોરોનાના વધતા કહેર ઉપર અંકુશ મેળવી શકાશે.

આરોગ્ય વિભાગની કામગીરીની પણ પ્રસંશા કરવામાં આવી છે. સોમવારે નોંધાયેલા ૧૯ પોઝિટિવ કેસમાં હિંમતનગર-ઈડર ૭-૭, તલોદ-૨, વડાલી-ખેડબ્રહ્મા-વિજયનગર ૧-૧ કેસ નોંધાયાનું આરોગ્ય વિભાગે જણાવ્યું છે.

### રીક્વરી રેટ સુધરી રહ્યો છે

કોરોનાની ત્રીજી લહેર ઘાતક નથી પરંતુ દર્દીઓની સંખ્યામાં ઉછાળો થઈ રહ્યો છે. સોમવારે કોરોના પોઝિટિવ ૬૦ લોકોએ કોરોનાને મહાત આપી છે. ગતરોજ ૯ લોકોને ડિસ્ચાર્જ કરાયા હતા. જ્યારે શનિવારે ૨૮ લોકોને ડિસ્ચાર્જ કરાતાં તે જોતાં રીક્વરી રેટમાં અસાધારણ સુધારો જોવા મળી રહ્યો છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઘી-દૂધમાં ખતરારૂપ અખતરા

## દૂધમાં ફેંટ વધારવા યુરીયા પામોલીનનો ભરપૂર ઉપયોગ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૮

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી ઘી-દૂધમાં મિલાવટ કરવાનો કારોબાર ધમધમી રહ્યો હોવાથી જિલ્લામાં શુદ્ધ ઘી-દૂધ મળવું પણ મુશ્કેલ બની રહ્યું છે. જ્યારે પૌષ્ટીક આહાર ગણાતા દૂધમાં વ્યાપક રીતે ભેળસેળ શરૂ થઈ હોય તેમ યુરીયા ખાતર, પામોલીન તથા એસેન્સ જેવા રસાયણો નાખી દૂધના ફેંટ વધારવાના ખતરારૂપ પ્રયોગો શરૂ થયા છે. જિલ્લામાં દૂધમાં ફેંટ વધારવાના ખતરારૂપ અખતરા અનેક વિસ્તારોમાં થઈ રહ્યા છે પરંતુ પોલીસ ફરિયાદો થતી ન હોવાથી અને તંત્રની નિરશતાથી કૌભાંડો બહાર આવતાં ન હોવાથી જિલ્લામાં ઘી-દૂધમાં મિલાવટ કરનારાઓને છૂટો દોર મળી ગયો છે.

જિલ્લામાં ઘી-દૂધના ધંધામાં પરપ્રાંતિય લોકોએ જ્યારથી ઝંપલાવ્યું છે ત્યારથી શુદ્ધ ઘી-દૂધ મળવું પણ મુશ્કેલ થઈ ગયું છે. જિલ્લાના મોટા ભાગના ગામડાઓમાં ઘી-દૂધનો વેપાર કરનારા પરપ્રાંતિયો પોતાના આર્થિક લાભ માટે ઘી-દૂધમાં જાત જાતની ભેળસેળ કરી પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યા છે. જેમાં પૌષ્ટીક આહાર ગણાતા દૂધમાં યુરીયા, પામોલીન અને એસેન્સ જેવા રસાયણો નાખી ફેંટ વધારવાના ખતરારૂપ પ્રયોગો શરૂ થયા છે. જિલ્લામાં દૂધની ભેળસેળ માત્ર વેપારીઓ કરે તે તો માની શકાય પરંતુ કેટલાક પશુપાલકો પણ આ પ્રકારની ભેળસેળ કરવામાં માહેર થઈ ગયા છે. જ્યારે દૂધ ખરીદનારના હાથે આ પોલ પકડાઈ જાય ત્યારે થોડાક દિવસો માટે મિલાવટના ધંધાને બંધ કરી દેવાતો હોય છે. જિલ્લામાં દૂધની ગુણવત્તાના ભલે દાવા કરાતા હોય પરંતુ દૂધમાં મિલાવટ કરનારાઓ સામે કોઈ જ પગલાં ભરવામાં ન આવતાં પ્રજાનું આરોગ્ય જોખમમાં મૂકાયું છે. જિલ્લામાં દૂધમાં ભેળસેળ પછી કેટલાક ભેજાબાજો ઘી માં પણ અનેક પ્રકારની ભેળસેળ કરતા થયા છે. પ્રજા ઉંચી કિંમતે શુદ્ધ ઘી ખરીદે છે પરંતુ ઘીમાં પણ અખાદ્ય ચીજો તથા સુગંધ માટે કેમિકલનો અનેક જગ્યાએ ઉપયોગ થઈ રહ્યો છે. જ્યારે ખાદ્ય ચીજ વસ્તુઓમાં ભેળસેળ અટકાવવાની જવાબદારી જેમના માથા ઉપર છે તેઓ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર યાદ આવે ત્યારે માત્ર કરીયાણાની દુકાનોમાં પહોંચી જઈ પેકીંગ નમૂના લઈ ફરજ પૂરી કર્યાનો સંતોષ માનતું હોવાથી જિલ્લામાં દૂધ-ઘી માં ભેળસેળની બોલબાલા વધી ગઈ છે.